## સઢા ગામે પર્યાવરણ જીવનશૈલીનો તાલીમ કાર્યક્રમ યોજાયો...



હિંમતનગર તાલુકાના સઢા ગામે મંગળવારના રોજ ગુજરાત ઈકોલોજી કમિશન આયોજિત તેમજ ધરતી ફાઉન્ડેશન અમલીકરણ સંસ્થા હિંમતનગર દ્વારા પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી વિષય પર તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સરપંચ શ્રીમતી ભાવનાબેન રાજેન્દ્રસિંહ રાઠોડ તેમજ સ્થાનિક મહિલા મંડળ, સખીમંડળ સહિત ૧૫૦ ઉપરાંત બહેનો ઉપસ્થિત રહી હતી. સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ પ્રજાપતિ અને ટ્રેનર સૌરભભાઈ પ્રજાપતિએ પ્રોજેક્ટરના માધ્યમથી ટેલી ફિલ્મ દર્શાવી માનવ જીવનમાં પર્યાવરણનું મહત્વ સમજાવી સૌને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે માજી સરપંચશ્રી રાજેન્દ્રસિંહ રાઠોડ સહિત આગેવાનો હાજર રહ્યા હતા.

## પ્રાંતિજ ખાતે ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પંડયા પોળ ખાતે ગણેશ મહોત્સવ ની દરવર્ષ ની જેમ ધામધૂમ થી ઉજવણી કરવામા આવી રહી છે ત્યારે પ્રાંતિજ ના મુસ્લિમ અગ્રણીય રઈશભાઇ કસ્બાતીએ ભગવાન વિઘ્ન હર્તા ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજ સહિત તાલુકામા ગણેશ મહોત્સવ ને લઈ ને ભગવાન ગણેશ ની મૂર્તિઓનુ સાર્વજનિક કે ઘરે-ઘરે સ્થાપના કરવામા આવી છે ત્યારે પ્રાંતિજ ના પંડયા પોળ ખાતે ગણેશ યુવક મંડળ દ્વારા છેલ્લા દશ વર્ષ થી ભગવાન ગણેશ ની મૂતિ નુ દશ દિવસ માટે સ્થાપના કરવામા આવે છે ત્યારે પ્રાંતિજ ખાતે રહેતા મુસ્લિમ અગ્રણી રઈશભાઇ કસ્બાતી દ્વારા પંડયા પોળ ગણેશ પંડાલ ખાતે આવીને ભગવાન વિઘ્ન હર્તા દેવ ગણેશ ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી તો આ પ્રસંગે પંડયા પોળ યુવક મંડળ દ્વારા રઈશભાઇ કસ્બાતી નુ સ્વાગત પણ કરવામા આવ્યુ હતુ અને પંડ્યા પોળ ગણેશ યુવક મંડળ સહિત પંડયા પોળ સહિત નગરના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## LIC ધનસુરા દ્વારા ધનસુરા પ્રાથમિક શાળા નંબર-૧ના તેજસ્વી બાળકોને સન્માનિત કરાયા



LIC ધનસુરા દ્વારા ધનસુરા પ્રાથમિક શાળા નંબર ૧ ના તેજસ્વી બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતા.તેજસ્વી બાળકોને શીલ્ડ પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. ધનસુરા પ્રાથમિક શાળા નંબર ૧ માં ધોરણ ૬ થી ૮ ના પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર તેજસ્વી બાળકોને LIC ના બ્રાન્ચ મેનેજર ગૌતમ હેલીયા LIC પરિવાર દ્વારા શીલ્ડ પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા તેમજ ધોરણ ૧ થી ૫ ના બાળકોને શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન શાળા ના આચાર્ય શ્રી અને સમગ્ર સ્ટાફે કર્યું હતું.

## પ્રાંતિજ ના ગણપતિ બાપાના વિવિધ પંડાલોમા પૂર્વ ધારાસભ્ય શીશજુકાવી દાદાની આરતી ઉતારી



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગણેશ મહોત્સવ ની દબાદબાભેર ઉજવણી વિવિધ ગણેશ મંડળો દ્વારા કરવામા આવી રહી છે ત્યારે પ્રાંતિજ તલોદ ના પૂર્વ ધારાસભ્ય અને ભાજપ ના મહેન્દ્રસિંહ બારૈયાએ વિવિધ પંડાલોમા જઈ ને શિશજુકાવી દુંધાળા દેવના દર્શન કરી આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજ ખાતે દરવર્ષ ની જેમ આ વર્ષે પણ વિવિધ ગણેશ મંડળો દ્વારા ગણેશ મહોત્સવ ની ધામધૂમથી ઉજવણી કરવામા આવી રહી છે ત્યારે પ્રાંતિજ તલોદ ના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા પ્રાંતિજ ખાતે તપોધન ફડી , કુંભાર વાસ, આંટીયા વાસ, પંડયા પોળ સહિત નાગણેશ પંડાલો મા જઈ ને ભગવાન ગણેશ ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી તો ઠેરઠેર ગણેશ પંડાલો મા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાનુ સ્વાગત કરવામા આવ્યુ હતુ તો પ્રાંતિજ નગર પાલિકા ના પ્રમુખ દિપકભાઈ કડીયા , ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, સહિત ભાજપ કાર્યકરો આગેવાનો નગરપાલિકા કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

### ગ્રેડ-પે મુદે સરકાર ઉપર વધતી ભીંસ, કર્મચારી સંગઠનો આકરા પાણીએ

# જિલ્લામાં ગ્રેડ-પે મુદે વન કર્મીઓ અચોક્કસ મુદતની હડતાલ પર





**જંગલ, વન્યપ્રાણીની જાળવણી, સુરક્ષા અદ્ધરતાલ**

વન રક્ષક કર્મચારી મંડળના આદેશ મુજબ રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વન રક્ષક અને વનપાલ કક્ષાના કર્મચારીઓ પડતર માંગણીઓ મુદે અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરતાં જિલ્લામાં જંગલ, વન્ય પ્રાણીઓની જાળવણી અને સુરક્ષા અદ્ધરતાલ બની છે. કર્મીઓની હડતાલના કારણે વન વિભાગની નર્સરીઓ તેમજ જંગલ વિસ્તારમાં ચાલતા તમામ કામો ઠપ્પ થયાં છે.

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૮

ગ્રેડ-પે મુદે સરકાર ઉપર ભીંસ વધી રહી છે. કર્મચારી સંગઠનો આકરા પાણીએ આવ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વન રક્ષક કર્મચારી મંડળના આદેશ મુજબ હવે વન રક્ષક અને વનપાલ મિત્રોએ પડતર માંગણીઓ માટે બાંયો ચઢાવી છે અને અંદાજીત ૨૦૦થી વધુ વન રક્ષક અને વનપાલ મિત્રો અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતર્યા છે.

વિધાનસભાની આગામી ચૂંટણીઓ પહેલાં સરકાર સામે ગ્રેડ-પે સહિતના મુદે કર્મચારી સંગઠનો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો શરુ કરવામાં આવ્યા છે. આરોગ્ય કર્મીઓની હડતાલ સાથે હવે વન કર્મીઓએ પણ સરકાર સામે મોરચો માંડ્યો છે. ગુજરાત રાજ્ય વન રક્ષક કર્મચારી મંડળના નેજા હેઠળ રાજ્યભરમાં વન કર્મીઓએ પડતર માંગણીઓ અંગે હડતાલનું શસ્ત્ર ઉગામ્યું છે. જેમાં ગ્રેડ-પે વધારાની માંગણીઓ પૂરી કરવા માટે અગાઉ આવેદનપત્ર આપ્યા પછી હવે ૬-૭ સપ્ટેમ્બરથી તબક્કાવાર રીતે અચોક્કસની મુદતની હડતાલ શરુ કરવામાં આવી જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વન રક્ષક અને વનપાલોએ પણ રાજ્ય વ્યાપી હડતાલને સમર્થન આપ્યા પછી ગત રોજથી વન રક્ષકનો ગ્રેડ-પે ૨૮૦૦, વનપાલનો રુ ૪૨૦૦ કરી આપવા, રજાઓનો પગાર આપવા, ખાતાકીય બઢતી આપવા સહિતની માંગણીઓ સાથે જિલ્લા મથકની રેન્જ કચેરીમાં આવેદનપત્ર આપી અચોક્કસ હડતાલ ઉપર ઉતર્યા છે. જો આ માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો હજુ પણ આંદોલનાત્મક કાર્યક્રમ આપવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. જિલ્લામાં અંદાજીત ૨૦૦થી વધુ વન રક્ષક અને વનપાલ સહિતના કર્મચારીઓ ઘણા સમયથી ગ્રેડ-પે સહિતના મુદે સરકાર હકારાત્મક નિર્ણય લે તેવી માંગ સાથે રજૂઆત કરતા આવ્યા છે પરંતુ હજુ સુધી તેનો કોઈ ઉકેલ આવ્યો ન હોવાથી પડતર માંગણીઓ અંગે આખરે વનપાલ અને વન રક્ષકોને રાજ્ય વ્યાપી હડતાલમાં જોડાવવાની ફરજ પડી છે.

### નીટ (યુ.જી.) પરીક્ષામાં બલ્લે બલ્લે

## મોડાસાની ચાણક્ય વિશ્વ વિદ્યાલયમાં છાત્ર પાંચમા રેન્ક સાથે ઉત્તિર્ણ : ફરી એકવાર નીટ પરીક્ષામાં મેદાન માર્યું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૮

મેડીકલ શાખામાં પ્રવેશ માટેની નીટ(યુ.જી.)૨૦૨૨ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે જેમાં અરવલ્લીના મોડાસાની ચાણક્ય વિશ્વ વિદ્યાલય ફરી એકવાર મેદાન મારી શિક્ષણ ક્ષેત્રે રાખવામાં સફળ રહી છે. સંસ્થાના સંચાલક અને કેમીસ્ટ્રી વિષયના તજજ્ઞ પીનલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળા સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ અપાતાં દર વર્ષે બોર્ડ અને નીટ તેમજ જેઈઈના પરિણામમાં શાળાના



અગ્રેસર સાબિત થઈ છે. શાળાનો ધ્રુવિલ કીરીટભાઈ પટેલ(ડી.કે.) ૭૦૦માંથી ૬૯૬ ગુણ મેળવી પાંચમા રેન્કમાં અને ઓલ ઈન્ડીયામાં ૧૧૦મા રેન્ક સાથે ઉત્તિર્ણ થતાં શાળા સંકુલમાં ખુશાલી છવાઈ હતી. જ્યારે અન્ય છાત્રોએ પણ નીટની પરીક્ષામાં મેદાન મારતાં વિજ્ઞાન પ્રવાહ માટે ફરી એકવાર ચાણક્ય વિશ્વ વિદ્યાલય-મોડાસા વિદ્યાર્થી-વાલીઓની પ્રથમ પસંદગી બની છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લામાં ચાણક્ય વિશ્વ વિદ્યાલય પરિણામોમાં હંમેશાં અવ્વલ સ્થાન જાળવી છાત્રો મેદાન મારી રહ્યા છે. નીટનું પરિણામ જાહેર થયું તેમાં ફરી એકવાર મોડાસાની ચાણક્ય વિશ્વ વિદ્યાલય મેદાન મારવામાં સફળ રહેતાં વાલીઓએ સંચાલક સહિત ટીમને અભિનંદન પાઠવ્યા હતા. શાળાનો ધ્રૂવિલ પટેલ ૬૯૬ ગુણ મેળવી પ્રથમ સ્થાને જ્યારે પરાશર દિપકભાઈ પટેલ ૬૫૮ ગુણ સાથે બીજા સ્થાને અને રુચિસ મયંકભાઈ ચૌધરી ૬૨૫ ગુણ મેળવી ત્રીજા સ્થાને રહ્યા હતા. તમામ તેજસ્વી તારલાઓને ચાણક્ય વિશ્વ વિદ્યાલય પરિવાર દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

## ભિલોડા તાલુકાના કિશનગઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૦૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના તાલુકા આરોગ્ય કચેરી, ભિલોડાના તાબા હેઠળના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર , કિશનગઢમાં તા. ૭૯૯૨૦૨૨ ને બુધવારના રોજ ત્રીજા આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી નિમિત્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર , કિશનગઢ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના પટાંગણમાં પર્યાવરણના રક્ષણ માટે અને હવાનું પ્રદુષણ અટકાવવા માટે તેમજ છોડ માં રણછોડના સુત્ર સાથે વૃક્ષારોપણ મેડિકલ ઓફિસર ડો. નેહાબેન જોષીયારા, આયુષ મેડિકલ ઓફિસર ડો. યાસીન મેમણ, વનબંધુ આયુષ મેડિકલ ઓફિસર ડો. વિશાલદેવ સાહેબ દ્વારા કરાયું હતું તે દરમિયાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો તમામ સ્ટાફ, અક્ષર નર્સિંગ કોલેજના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




### આજે અનંતચૌદશના પવિત્ર પાવન દિને

## ભિલોડાના ખાડીયા ચોકમાંથી ગણેશજીની શોભાયાત્રા બાદ હાથમતી નદીમાં વિસર્જન કરાશે

ભિલોડા,તા.૦૮

આજે ભાદરવા સુદ,ચૌદશ અને અનંતચૌદશના પવિત્ર પાવન દિને અરવલ્લી જીલ્લાના ભિલોડાના મેઈન બજાર વિસ્તારમાં આવેલ ખાડીયા ચોકમાંથી ગણેશજીની વાજતે - ગાજતે અબીલ,ગુલાલની છોળો વચ્ચે ભકિતભાવ પુર્વક શ્રધ્ધાભેર શોભાયાત્રા નિકળ્યા બાદ ગણપતી બાપાની મુર્તીનું હાથમતી નદીમાં વહેતા જળમાં



વિસર્જન કરાશે.સતિષભાઈ શાહ,ભરતભાઈ ત્રિવેદી સહિત આયોજકોએ જણાવ્યુ હતું.ભિલોડાના ખાડીયા ચોકમાં છેલ્લા ૪૬ વર્ષથી ગણેશ મહોત્સવ દરમિયાન ગણપતી દાદાની આબેહુબ મુર્તીનું સ્થાપન થાય છે.સતત દસ દિવસ સુધી પુજન,અર્ચન,નૈવેધ ધરાવીને આરતીનો ધાર્મિક કાર્યક્રમનું આયોજન થાય છે.ગણપતી દાદાને પ્રિય એવા મોદકનો પ્રસાદ ધરાવીને પ્રસાદની વહેંચણી થાય છે.ભજન - કિર્તનનું આયોજન કરાયું હતું.ભવાઈનું આયોજન કરાયું હતું.ગણેશ મહોત્સવ દરમિયાન સર્વત્ર આવકાર મળતા ખાડીયા ચોકમાં ભાવિક - ભક્તોએ ગણપતી દાદાનું મંદિર પણ બનાવ્યું છે.

### જિલ્લા વિકાસ અધિકારી બદલાયા પછી બઢતી

## અરવલ્લીના ૩ તલાટી કમ મંત્રીને વિસ્તરણ અધિકારી તરીકે બઢતી અપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૮

અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારીની બદલી થયા પછી નવા અધિકારી દ્વારા પ્રમોશનની ફાઈલો હાથ ઉપર લેવાઈ છે. અરવલ્લી જિલ્લાની આકરુન્દ, ગઢા અને અઢેરા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને વિસ્તરણ અધિકારી(પંચાયત) તરીકે બઢતી આપી બદલી કરવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લા વિકાસ અધિકારીએ અગાઉ ફરજ બજાવતા શ્વેતાબેન તેવટીયાએ અનેક કર્મચારીઓની બઢતીની ફાઈલો ઉપર સહી ન કરતાં લાંબા સમયથી અનેક કર્મચારીઓ બઢતીની રાહ જોઈને બેઠા હતા. તાજેતરમાં જ જિલ્લા વિકાસ અધિકારીની નર્મદા કલેક્ટર તરીકે બદલી થયા પછી અરવલ્લી આર. એ.સી. એન.ડી.પરમારને જિલ્લા વિકાસ અધિકારી તરીકે વધારાનો ચાર્જ સોપવામાં આવ્યો હતો અને તેઓએ બઢતીની ફાઈલો હાથ પર લેતાં જિલ્લાના ૩ તલાટી કમ મંત્રીને વિસ્તરણ અધિકારી તરીકે બદલીના આદેશ કર્યા છે જેથી કર્મચારીના પરિવારોમાં ખુશાલી છવાઈ છે.

**કયા કર્મચારીઓને બઢતી**

એ.યુ.પંડ્યા, તલાટી કમ મંત્રી- આકરુન્દ ગ્રામ પંચાયત, બઢતી સાથે વિસ્તરણ અધિકારી(પંચાયત) માલપુર. શ્રીમતી જે. બી. પાલનપુરા, તલાટી કમ મંત્રી-ગઢા ગ્રામ પંચાયત, બઢતી સાથે વિસ્તરણ અધિકારી (પંચાયત) મોડાસા. બી.એસ.પાંડોર, તલાટી કમ મંત્રી-અઢેરા ગ્રામ પંચાયત, બઢતી સાથે વિસ્તરણ અધિકારી(પંચાયત) ભિલોડા.

# જય જલિયાણ સેવા કેમ્પમાં પદયાત્રિકોનો ભારે ધસારો









ડીસા, તા. ૮

અંબાજી મહાકુંભનો સૌથી મોટો સેવા કેમ્પ જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા દાંતા -રતનપુર ખાતે શરૂ કરાયો છે. કેમ્પના તૃતીય દિવસે હજારોમાં માઈ ભક્તોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. સાથે સાથે અનેકવિધ સુવિધાઓનો લાભ લઈ પદયાત્રીઓએ ધન્યતા અનુભવી હતી. જયારે સેવા કેમ્પની મુલાકાતે જિલ્લાના સાંસદપરબતભાઈ પટેલ, રાજયના મંત્રી કીર્તિસિંહ વાઘેલા, ડીસા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી અને ગુજરાત વેરહાઉસિંગ કોર્પોરેશનના પૂર્વ ચેરમેન મગનભાઈ માળીએ મુલાકાત લઈને કેમ્પના સંચાલકોની સેવાને બિરદાવી ધન્યવાદ પાઠવ્યા હતા. કેમ્પમાં આવતા યાત્રિકોને મનોરંજન મળી રહે તે માટે જાણીતી ગાયિકા કિંજલ દવેએ પોતાના કોકીલ સ્વર દ્વારા રાસ ગરબાની રમઝટ જમાવી હતી. કેમ્પ સ્થળે મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો.

જય જલિયાણ સેવા કેમ્પમાં પદયાત્રીકોને મિષ્ઠાન, ભોજન, આરામની ઉત્તમ સુવિધા અને મેડિકલ સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેમાં છેલ્લા ૧૫ વર્ષથી અંબાજી જતા પદયાત્રીકોની સેવા માટે દાંતા નજીક રતનપુર ખાતે બનાસ દૂધ શીત કેન્દ્રની સામે વિશાળ સેવા કેમ્પ યોજવામાં આવે છે. સંસ્થાના સેવાભાવી યુવકો દ્વારા પદયાત્રીઓની સેવા માટે ૪૦ હજાર ફૂટ જેટલો વિશાળ સામિયાણો બનાવવામાં આવ્યો છે. જેમાં પદયાત્રિકોને શુદ્ધ ઘીની બુંદી સાથે ભોજન, આરામ કરવાની ઉત્તમ સુવિધા અને મેડિકલની ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.આ ઉપરાંત પદયાત્રીકોનો થાક ઉતરી જાય તે માટે લાઈવ ઓરકેસ્ટ્રા પાર્ટી સાથે દરરોજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ખ્યાતનામ કલાકારોની ઉપસ્થિતિમાં યોજવામાં આવે છે. સેવા કેમ્પમાં જય જલિયાણ ફાઉન્ડેશનના હિતેશભાઈ ઠક્કર તથા દીપકભાઈ ઠક્કર સહિતની ઉપસ્થિતિમાં દરરોજ માતાજીની આરતી કરવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં પદયાત્રી પણ જોડાય છે. ચાર દિવસ સુધી ચાલનારા કેમ્પમાં અંદાજે ત્રણ લાખથી વધુ લોકો સેવાનો લાભ લે છે.



**માલિશ કેમ્પમાં પદયાત્રીઓની ભીડ...**

કલોલ બજરંગ બલી માલિશ દ્વારા હરિવાવ ખાતે માલિશ અને મેડિકલ સેવા કેમ્પ ચાલુ કરવામાં આવ્યો જેમાં હજારો પદયાત્રિકોએ સેવાનો લાભ લીધો હતો. ટીમના પ્રમોદભાઈએ જણાવ્યું કે અમો આ ક્ષેત્રમાં ૨૫ વર્ષથી સેવા કરીએ છીએ.તેથી પદયાત્રીઓની સેવા કરવાના આશયથી કેમ્પ ખોલ્યો છે. દૂરદૂરથી ચાલીને આવતા પદયાત્રીનો થાક માલિશથી ઉતરી જાય છે. તેથી તેઓ માલિશ ટીમની સેવાને બિરદાવી અંતરના આશીર્વાદ પણ આપે છે.